KALPA-TARU POWER TRANSMISSION LIMITED

**Date** 12-08-2023

**HeadLine:** Kalpataru Projects International profit rises over 28% to Rs 113 crore in Q1

**Newspaper:** FE-Gujarati **Language:** Gujarati

**Journalist:** **Edition:** Ahmedabad

**Page No.** 40 **Position:** Centre **Height:** 12 **Column:** 3

# કલ્પતરૂ પ્રોજેક્ટ્સનો નફો ૨૮ ટકા વધી રૂપિયા ૧૧૩ કરોડ

પીટીઆઈ
નવી દિલ્હી, તા. ૧૧

કલ્પતરુ પ્રોજેક્ટ્સ ઈન્ટરનેશનલે શુક્રવારે જણાવ્યું હતું કે, જૂનના ત્રિમાસિક ગાળામાં મુખ્યત્ત્વે ઊંચી આવકને પગલે તેનો સંકલિત ચોખ્ખો નફો ૨૮ ટકા વધીને રૂપિયા ૧૧૩ કરોડ થયો છે.

વર્ષ અગાઉના સમાન નાણાંકીય વર્ષમાં કંપનીનો સંકલિત ચોખ્ખો નફો રૂપિયા ૮૮ કરોડ રહ્યો હોવાનું કંપનીની નિયમનકારી માટેની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

હાલ ચાલી રહેલા નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કંપનીની કુલ આવક વધીને રૂપિયા ૪,૨૫૯ કરોડ થઈ છે, જે વર્ષ અગાઉના સમાન ગાળામાં રૂપિયા ૩,૬૯૧ કરોડ હતી.

આ ઉપરાંત કંપનીના બોર્ડે એક કે એથી વધુ હપ્તામાં કંપની દ્વારા રૂપિયા ૩૦૦ કરોડ સુધીના સિક્યોર્ડ કે અનસિક્યોર્ડ રિડીમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ જારી કરવા માટેની દરખાસ્ત પણ મંજૂર કરી દીધી છે.

અમે આવક, નફાકારકતા અને ઓર્ડર બુકમાં નોંધપાત્ર વૃદ્ધિ સાથે મજબૂત કાર્યદેખાવ ધરાવતો વધુ એક ત્રિમાસિક ગાળો નોંધાવ્યો છે. અમે જૂનના ત્રિમાસિક ગાળા માટે નવ ટકાની વૃદ્ધિ સાધવા માટે અમારી સંકલિત ચોખ્ખી આવકના માર્જીનમાં ૪૦ બેસીસ પોઈન્ટ્સનો સુધારો કરવાની સાથે સ્થિતિસ્થાપક અને સ્પર્ધાત્મક કાર્યદેખાવ જારી રાખીશું, એમ કલ્પતરુ પ્રોજેક્ટ્સ ઈન્ટરનેશનલ લિમિટેડ (કેપીટીએલ)ના મેનેજીંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર મનીષ મોહનોતે કહ્યું હતું.

આ સકારાત્મક પરિણામ વ્યવસાયનાં મુખ્ય ક્ષેત્રોમાં અમારી નિપુણતા અને કામકાજી કાબેલિયત થકી નફાકારક વૃદ્ધિ હાંસલ કરવાનો અને સતત સુધારા કરવાનો ઉદ્દેશ ધરાવતી અમારી રણનીતિનો પ્રત્યક્ષ પુરાવો છે, એમ એમણે ઉમેર્યું હતું.

કંપનીએ રૂપિયા ૭,૩૮૩ કરોડના ઓર્ડરો કબ્જે કરી લીધા છે અને વિવિધ બિઝનેસ વર્ટિકલ્સમાં તેનો ઓર્ડર પ્રવાહ સકારાત્મક રહ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

radar

Business Critical Information